### ભારદારી વાહન ચાલકોને દસ્તાવેજ સાથે રાખવા સાથે સ્પીડ લિમિટમાં વાહનચલાવવા સૂચના

# વડોદરામાંથી એક મહિના દરમિયાન ટ્રાફિક પોલીસે 138 ભારદારી વાહન ડીટેન કર્યાં

પોલીસ કમિશનરે વીએમસીના ટ્રક તથા ડુમ્પર ડ્રાઈવરો સાથે બેઠક યોજી



(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા શહેરમાં દોડી રહેલા ભારદારી વાહનો દ્વારા વારંવાર અકસ્માત કરવાના કારણે તેમાં નિર્દોષ લોકોનો ભોગ લેવાતો હોય છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા આ ભારદારી વાહનો સામે સપાટો બોલાવ્યો છે. અઠવાડિયા દરમિયાન બેફામ દોડતા હોય તેવા 138 ભારદારી વાહનોને ડીટેન કરાયાં હતા. ઉપરાંત પોલીસ કમિશનરે વીએમસીના ટ્રક તથા ડુમ્પર ડ્રાઈવરો સાથે બેઠક યોજી હતી. જેમાં ચાલકો પીયુસી, આરસી બુક, પરમીટ, ઈન્સ્યુરન્સ, ડ્રાઈવીંગ લાયસન્સ સાથે રાખવા અને ઓવર સ્પીડમાં વાહન નહી ચલાવવું સુચના અપાઈ હતી. વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ચાલકોએ માંતેલા સાંઢની જેમ બેફામ રીતે ડમ્પર, ટ્રક અને આઈસર દોડાવીને મોપેડ, બાઈક તથા સાઈકલ સવાર વૃદ્ધને અડફેટે લીધા હતા. જેમાં તેમના ઘટના સ્થળ પર મોત નિપજ્યાં હતા. જેને લઈને વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિંમ્હા કોમાર અને અધિક પોલીસ કમિશ્નર ડો.લીના પાટીલની સુચના હેઠળ 10 જાન્યુઆરીના રોજ નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક શાખા પૂર્વ ઝોનના તેજલ પટેલની અધ્યક્ષતામાં વીએમસીના ટ્રક તથા ડુમ્પર ડ્રાઈવરો માટે એક બ્રીફીંગ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જે વીએમસીના સુપરવાઈઝરો,ડ્રાઈવરે અને વીટકોશ બસના ડ્રાઈવરો હાજર રહ્યા હતા. આ મીટીંગમાં હાજર ડમ્પર ડ્રાઈવરોને વાહન સાથે જરૂરી ડોક્યુમેન્ટ જેવા કે પીયુસી, આરસી બુક, પરમીટ, ઈન્સ્યુરન્સ, ડ્રાઈવીંગ લાયસન્સ જેવા કાગળો ફરજીયાત સાથે રાખવા જણાવવામાં આવ્યું હતું. શહેર વિસ્તારમાં સ્પીડ લીમીટમાં વાહન ચલાવવું, ઓવરલોડ નિયમોનું પાલન કરવું, વીએમસીએ જણાવેલા રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વાહન ચલાવવું નહીં કે અન્ય જગ્યાએ વાહન પાર્ક ન કરવું જેવી ટ્રાફિકને લગતી જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. વડોદરા શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા નિયમોનો વિરૂધ્ધ છેલ્લા બે દિવસમાં 32 ભારદારી વાહનો વિરૂધ્ધ ડિટેઈન કરવા કાર્યવાહી કરવામાં આવી છે. છેલ્લા એક મહિના દરમ્યાન 138 ભારદારી વાહનો નિયમોનો ભંગ બદલ ડિટેઈન કરવામાં આવ્યાં છે.

## ગોરવા વિસ્તારમાં કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા શહેરમાં અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. ત્યારે આજ રોજ શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા સહયોગ ગાર્ડન પાસે કાર અને બાઈક વચ્ચે સર્જાયો અકસ્માત. જેમાં GJ 23 CJ 0233 નંબર ની ફોર વ્હીલર કાર માં GJ 06 QH 9516 નંબરની બાઈક અચાનક પાછળ આવીને કાર સાથે અથડાતાં સર્જાયો હતો અકસ્માત. સદનશીબે કોઈ મોટી જાનહાનિ થઈ નથી. પરંતુ રોજબરોજ સર્જાતા અકસ્માતો પર લગામ ક્યારે આવશે. શહેરીજનો દ્વારા ટ્રાફિક પોલીસ કડકાઈ થી કામગીરી કરે તેવી માંગ કરવામાં આવી છે.

### પોલીસનું સઘન ચેકિંગ છતાં શહેરમાં ગેરકાયેદ વેચાતી પ્રતિબંધિત ચાઇનીઝ દોરી

# ભુતડીઝાંપા તથા ગેંડીગેટ પાસેથી ચાઈનીઝ દોરીની 24 રિલ સાથે બે ઝડપાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી પતંગ અને દોરાની દુકાનમા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું છુપી રીતે વેચાણ થઈ રહ્યું છે. ત્યારે પોલીસ સતત તેના પર નજર રાખી રહી હોય કારેલીબાગ બાળગોકુલમ તથા ગેંડીગેડ પાસેથી ચાઈનીઝ દોરીની 24 રીલ સાથે બે શખ્સને ક્રાઈમ બ્રાન્ચ તથા વાડી પોલીસે ઝડપી પાડ્યાં હતા.

આગામી દીવસોમાં મકરસંક્રાંતનો તહેવાર ઉજવવામાં આવનાર હોય તહેવાર દરમ્યાન ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ દોરો ઘસાવવાના કારણે માનવ તેમજ પક્ષીઓ માટે જોખમી છે. આ ચાઈનીઝ દોરીથી ગળુ કપાઈ જવાના કારણે ઘણા લોકોના અગાઉમોત પણ થઈ ચુક્યા છે. જેથી પોલીસ કમિશનર દ્વારા આવી ચાઈનીઝ દોરી તથા તુક્કલ સહિતના વસ્તુ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. તેમ છતાં કેટલાક લાલચી લોકો આ પ્રતિબંધિત દોરીનું છુપી રીતે વેચાણ કરીને નફો કમાઈ રહ્યા છે. જેના પર પોલીસ સતત નજર રાખી રહી છે.




ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતી હતી ત્યારે બાતમી મળી હતી કે ભુતડીઝાંપા મેદાન સામે બાળગોકુલમ નજીક રોડ પાસેથી એક શખ્સ અલલજીત મુજ્જફરમીયાં શેખ ( રહે.મોતીનગર, મન્સુરી કબ્રસ્તાન પાસે હાથીખાના વડોદરા) ને તેની પાસેના થેલામાં ચાઈનીઝ દોરીના18 બોક્સ લઈને ઉભો છે. જેથી તેને ઝડપી પાડ્યાં બાદ તેની પાસેથી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની રીલના બોક્ષ 18 રૂ.9 હજા કબેજ કર્યાં છે. બીજા બનાવમાં વાડી પોલીસે પણ ગેંડીગેટ રોડ પાસે ચાઈનીઝુ દોરીનું વેચાણ કરતા અરબાઝખાન ઉર્ફે તૌકીર દિલાવરખાન પઠાણ (રહે. ગુલસને ખાતુન બિલ્ડિંગ પહેલા માળે રેશમવાળા ખાચામાં યાકુતપુરા વડોદરા) ને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી રૂ. 3 હજારની દોરાની 6 રીલો કબજે કરાઈ છે.

### પાદરા તાલુકાના નરસિંહપુરાનો બનાવ

# સળગતી દિવાસળી ગોદડાંમાં પડતા આગ : યુવકનું મોત

**આગ** લાગતા દાઝી ગયેલ યુવકનું સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું



(પ્રતિનિધિ) વડોદરા. તા.10

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના નરસિંહપુરા ગામનો 45 વર્ષીય યુવાન સુતા સુતા બીડી પીવાને કારણે લાગેલી આગમાં દાઝી જવાથી સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું છે. મળતી માહિતી મુજબ નરસિંહપુરા ગામનો રહેવાસી આ યુવક માનસિક રીતે અસ્વસ્થ હતો અને તેને બીડી પીવાની આદત હતી. ગત તારીખ 7 જાન્યુઆરી ના રોજ વ્હેલી સવારે લગભગ 5 વાગે તેઓ જગ્યા અને બીડી પીવા માટે માચીસ સળગાવી. બીડી સળગાવ્યા બાદ માચીસ ફેંકતા તે ગોદડામાં પડી હતી જેના કારણે આગ લાગી હતી. આગ લાગતા યુવક ગંભીર રીતે દાઝી ગયો હતો. ઘટનાની જાણ થતા સ્થાનિકો દ્વારા યુવકને પ્રાથમિક સારવાર અર્થે નજીકની વડુ ખાતે આવેલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ગંભીર રીતે દાઝી ગયેલ યુવકને વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં આજ રોજ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. યુવકના મોત બાદ મૃતદેહને પોસ્મોર્ટમ માટે લઈ જવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગોધરા સબજેલના બંદીવાનો માટે રમત-ગમતના સાધનોનું વિતરણ

ગોધરા : જેલોના વડા ડૉ. કે.એલ.એન. રાવના માર્ગદર્શન હેઠળ ગોધરા સબજેલ ખાતે બંદીવાનોના માનસિક સ્વાસ્થ્ય અને સકારાત્મક વિચારધારાના વિકાસ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચની પ્રયાસ સંસ્થા દ્વારા આ પ્રસંગે જેલના બંદીવાનોને ઈનડોર તથા આઉટડોર રમતોના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બંદીવાનો જેલમાં પોતાનો સમય સકારાત્મક રીતે વ્યતીત કરે અને નકારાત્મક વિચારોથી દૂર રહી માનસિક રીતે સુદૃઢ બને તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા ૫ નંગ કેરમ બોર્ડ, કુકરી, સ્ટ્રાઈકર અને પાવડર સહિત ૫ સેટ ચેસ, ૫ સેટ લુડો તેમજ વોલીબોલ, ક્રિકેટ બેટ, સ્ટમ્પ અને બોલ જેવી રમતગમતની સામગ્રી અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત જેલમાં રહેલી મહિલા કેદીઓ અને તેમની સાથે રહેતા બાળકોના મનોરંજન માટે ખાસ રમકડાંઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

### બહેનોદ્વારા પ્રભુના મંગલાચરણના ગાનથી શરૂઆત

# બોડેલી વણિક સમાજ વડોદરા દ્વારા રજતજયંતીની ઉજવણી

**તેજસ્વી** તારલાઓને સ્મૃતિચિન્હ મોમેન્ટ અને ચાંદીના સિક્કા આપીને વિશિષ્ટ બહુમાન કરાયું

**103 વર્ષના** માજી તારા બેન મૂળજીભાઈ દેસાઈ નું વિશેષ સન્માન

(પ્રતિનિધિ) વડોદરા તા.10

બડભાગી બોડેલી વણિક સમાજ વડોદરા 25મું રજત જયંતિ વર્ષનું સ્નેહમિલન નિમિત્તે તેજસ્વી તારલાઓનું બહુમાન, એન આર આઈ નું વિશિષ્ટ સન્માન ,સંગીત સંધ્યા નો ત્રિવેણી સંગમ સંખેડા દશા લાલ ભવન વાઘોડિયા રોડ ખાતે મુખ્ય મહેમાન ડોક્ટર કિરણભાઈ જે પરીખ યુ.એસ.એ, ઈનામ વિતરણના કાયમી દાતા ભરતભાઈ દેસાઈ ના સાંનિધ્યમાં દબદબાભેર યોજાયો. પ્રારંભમાં સમાજની બહેનો દ્વારા પ્રભુના મંગલાચરણ ના ગાન થી કરવામાં આવ્યો હતો.

સ્વાગત પ્રવચન સમાજના પ્રમુખ નંદુભાઈ પરીખ સમાજનો વિકાસ ગાથા રજૂ કરી તેજસ્વી તારલાઓનું સ્મૃતિચિન્હ મોમેન્ટ ઉપરાંત સંગીતાબેન દેસાઈ દ્વારા તમામને ચાંદીના સિક્કા આપીને વિશિષ્ટ યાદગાર બહુમાન કરાયું, ત્યારબાદ મંચસ્થ એન.આર. આઈ અને સમાજના મોભીઓનું દાતાઓનું કાર્યક્રમમાં ખાસ 103 વર્ષના માજી તારા બેન મૂળજીભાઈ દેસાઈ નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. અમેરિકાથી આવ બોડેલીમાં વિતાવેલા શૈશવના સંસ્મરણો વાગોળતા એક બીજા હૈયે હૈયા મિલાવી હાથમાં હાથ મિલાવી એકબીજાને ભેટતા જોવા મળ્યા. દીપાવલી પર્વ જેવો માહોલ સર્જાયો હતો.

### નર્મદા નિગમની ઘોર બેદરકારી

# કરજણ-શિનોરની માંજરોલ-અમરેશ્વર માઈનર કેનાલ બદહાલ, પરિક્રમાવાસીઓ અને ખેડૂતો મુશ્કેલીમાં



**કેનાલમાં** ઉગી નીકળેલા ઝાંખરા અને પડેલા વિશાળ વૃક્ષોને કારણે વન્ય જીવોના મોત

**સડેલા** મૃતદેહોની દુર્ગંધથી પરિક્રમાવાસીઓને શ્વાસ લેવો પણ ભારે પડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા જિલ્લાના કરજણ અને શિનોર તાલુકામાંથી પસાર થતી નર્મદા નિગમની માંજરોલ-અમરેશ્વર માઈનર કેનાલ હાલમાં ભારે અવ્યવસ્થાનો શિકાર બની છે. નર્મદા પરિક્રમાનો મુખ્ય માર્ગ આ જ કેનાલના કિનારેથી પસાર થાય છે, પરંતુ નર્મદા નિગમના જવાબદાર અધિકારીઓની લાપરવાહીના કારણે હજારો શ્રદ્ધાળુઓ અને સ્થાનિક ખેડૂતોએ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

છેલ્લા લાંબા સમયથી કેનાલની સાફ-સફાઈ ન થવાને કારણે તેમાં અસંખ્ય વિશાળ વૃક્ષો ધસી પડ્યા છે અને જંગલી વનસ્પતિનો જમાવડો થયો છે. આ અવરોધોને કારણે કેનાલના પાણીમાં ફસાઈ જવાથી અનેક વન્ય જીવોના મોત નીપજી રહ્યા છે. વન્ય પ્રાણીઓના મૃતદેહો પાણીમાં ફસાઈને સડતા હોવાથી આસપાસના વિસ્તારમાં અને પરિક્રમા માર્ગ પર અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે.

એક પરિક્રમાવાસીએ પોતાની વેદના ઠાલવતા જણાવ્યું હતું કે, "નર્મદા પરિક્રમાના આ માર્ગ પર કેનાલમાં પડેલા ઝાડ અને કચરામાં પશુઓના મૃતદેહો ફસાયેલા છે. દુર્ગંધ એટલી તીવ્ર છે કે અમારે લગભગ એક કલાક સુધી નાક પર રૂમાલ રાખીને અથવા શ્વાસ રોકીને ચાલવું પડે છે. શાસન અને પ્રશાસને શ્રદ્ધાળુઓની આસ્થા અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સાફ-સફાઈ કરાવવી જોઈએ."

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, નારેશ્વર શાખાની આ કેનાલની હાલત વર્ષોથી ખરાબ છે. કેનાલમાં બાવળના મોટા વૃક્ષો નમી પડ્યા છે, જેના કારણે પાણીના વહાવમાં પણ અવરોધ ઉભો થાય છે. આ બાબતે સ્થાનિક ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ અને નર્મદા નિગમના અધિકારીઓને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. ખેડૂતોની માંગ છે કે પરિક્રમાવાસીઓની સવલત અને ખેતી માટે પાણીના સુચારુ વહાવ માટે કેનાલની તાકીદે સફાઈ કરવામાં આવે.

### સંસ્થા ભારતમાં ભૌતિકશાસ્ત્રના શિક્ષણના સતત વિકાસ માટે સમર્પિત

# એમએસયુમાં એપ્લાઈડ ફિઝિક્સ વિભાગ દ્વારા વિક્રમ ડેલિબરેશન વ્યાખ્યાન શ્રેણી

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના ઉપકુલપતિ પ્રો. ભાલચંદ્ર ભાનગે તથા ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના ડીન પ્રો. ધનેશ પટેલની ગૌરવપૂર્ણ હાજરી રહી હતી. જેમના આશીર્વાદ અને પ્રોત્સાહનથી સમગ્ર શૈક્ષણિક માહોલ વધુ ઉર્જાવાન બન્યો. કાર્યક્રમને વધુ ગૌરવ પ્રાપ્ત થયું જ્યારે પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રીઓ પ્રો. નાઈજેલ મેઝન યુનિવર્સિટી ઓફ કેન્ટ, યુકે, પ્રો. કે. એન. જોશીપુરા તથા પ્રો. પી. સી. વિનોદકુમારની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રો. કે. એન. જોશીપુરાના પ્રેરણાદાયક વ્યાખ્યાનથી થઈ હતી. જેમાં તેમણે ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના પિતા ડો. વિક્રમ સારાભાઈના દ્રષ્ટિપૂર્ણ જીવન અને તેમના અદ્વિતીય વૈજ્ઞાનિક યોગદાન પર પ્રકાશ પાડ્યો. આ પછી આમંત્રિત વક્તા પ્રો. નાઈજેલ મેઝન એ અંતરિક્ષ ટેકનોલોજી,



ભવિષ્યની તકો તથા પડકારો વિષય પર અત્યંત માહિતીસભર અને વિચારપ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે આંતરવિષયક સંશોધનનું મહત્વ તેમજ અંતરિક્ષ મિશન અને ટેકનોલોજીકલ નવીનતા માટે મૂળભૂત ભૌતિકશાસ્ત્રની ભૂમિકા ઉપર વિશેષ ભાર મૂક્યો. તેમના વ્યાખ્યાને વિદ્યાર્થીઓ અને સંશોધકોને વ્યાપક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે સંશોધન તરફ પ્રેરિત કર્યા. ત્યારબાદ ઈન્ડિયન એસોસિયેશન ઓફ ફિઝિક્સ ટીચર્સ ના અધ્યક્ષ પ્રો. પી.સી. વિનોદકુમાર એ સભાને સંબોધી અને રાજ્યભરના ભૌતિકશાસ્ત્રના શિક્ષકો અને વિદ્યાર્થીઓના લાભાર્થે IAPT દ્વારા આયોજિત વિવિધ શૈક્ષણિક, તાલીમ તથા પ્રવૃત્તિઓ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. વિક્રમ ડેલિબરેશન કાર્યક્રમ અત્યંત માહિતીસભર અને પ્રેરણાદાયક સાબિત થયો. આ વ્યાખ્યાનો દ્વારા ઉપસ્થિત સભ્યોની વૈજ્ઞાનિક જિજ્ઞાસા, નવીનતા તથા સંશોધનની મહત્વતા વધુ મજબૂત બની હતી. કાર્યક્રમનો અંત ઔપચારિક આભારવિધિ સાથે થયો. જે વાર્ષિક વ્યાખ્યાન શ્રેણીની સફળ શરૂઆતનું પ્રતીક બન્યો. અત્રે એ ઉલ્લેખનીય છે કે એપ્લાઈડ ફિઝિક્સ વિભાગ, ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ, દ્વારા સ્પેસ ટેકનોલોજી વિષય ઈલેક્ટિવ તરીકે આપવામાં આવે છે અને એમએસસી એપ્લાયડ ફિઝિક્સના વિદ્યાર્થીઓ માટે સ્પેસ ટેકનોલોજી તેમજ ક્વાંટમ ટેકનોલોજી વિષય ઈલેક્ટિવ તરીકે આપવામાં આવનાર છે.

# 'શહેર જોડે એ સરદાર' દ્વારા વડોદરાની ધરતી પર રાષ્ટ્રચેતનાનો મહોત્સવ

( પ્રતિનિધિ )વડોદરા,તા.10

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ ના સ્થાપનાના 140મા વર્ષ તથા વિખ્યાત સાહિત્યકાર, વિચારક અને શિક્ષણવિદ્ પ્રો.સી.સી. મહેતાની 125 મી જન્મજયંતી નિમિત્તે આયોજિત જોડે એ સરદાર મેગા મલ્ટીમીડિયા શો એ પ્રો. સી.સી. મહેતા ઓડિટોરિયમને રાષ્ટ્રપ્રેમ, એકતા અને ગૌરવની ઊર્જાથી સ્પંદિત કરી દીધું હતું. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તથા ફેકલ્ટિ ઓફ પરફોર્મિંગ આર્ટસ, ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ ભવ્ય કાર્યક્રમ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના વિચાર, સંઘર્ષ અને દ્રષ્ટિને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી જન-જન સુધી પહોંચાડવાનો એક દ્રષ્ટાંતરૂપ પ્રયાસ સાબિત થયો. વડાપ્રધાનશ્રીના એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝનને જીવંત અભિવ્યક્તિ



આપતો આ શૉ માત્ર એક સાંસ્કૃતિક કાર્યક્રમ નહીં પરંતુ રાષ્ટ્રનિર્માણના વિચારનું કલાત્મક સ્વરૂપ બની રહ્યો હતો. 90 મિનિટની આ મલ્ટીમીડિયા પ્રસ્તુતિમાં પ્રોજેક્શન મેપિંગ, મલ્ટીસ્ક્રીન એલઈડી વિઝ્યુઅલ્સ, લાઈવ એક્ટિંગ, સંગીત અને નૃત્યના સમન્વય દ્વારા સરદાર સાહેબના જીવનના મુખ્ય પડાવોને અત્યંત સંવેદનાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા. જન્મ અને પ્રારંભિક સંઘર્ષથી લઈને ખેડા અને બારડોલી સત્યાગ્રહ, સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાનનું નેતૃત્વ, તથા સ્વાતંત્ર્ય બાદ 562 રજવાડાઓના એકીકરણ દ્વારા અખંડ ભારતના નિર્માણ સુધીની ઐતિહાસિક યાત્રા પ્રેક્ષકો સમક્ષ જીવંત બની ઊભી રહી.


DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.: ૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

DGVCL

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર * ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ (વાર) | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી ભચરવાડા | તમામ | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૮.૦૦ થી ૧૪.૦૦ |
| ૨ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી પાનુડા જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૩ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ચૂલી એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૪ | ૬૬ કેવી સોઈકૂવા | પિંડોલી જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૧૧.૦૦ થી ૧૫.૦૦ |
| ૫ | ૬૬ કેવી સોઈકૂવા | અગર જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૧૧.૦૦ થી ૧૫.૦૦ |
| ૬ | ૬૬ કેવી સોઈકૂવા | વોરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૧૧.૦૦ થી ૧૫.૦૦ |
| ૭ | ૬૬ કેવી સોઈકૂવા | ખાટાઆસીત્રા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૧૧.૦૦ થી ૧૫.૦૦ |
| ૮ | ૬૬ કેવી વણાકપોર | તમામ | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૮.૦૦ થી ૧૪.૦૦ |
| ૯ | ૬૬ કેવી અણીજરા | ૧૧ કેવી રામપરા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૨-૦૧-૨૦૨૬ (સોમવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૦ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોજદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૩-૦૧-૨૦૨૬ (મંગળવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૧ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાનાકાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૩-૦૧-૨૦૨૬ (મંગળવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૨ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી અલમાવાડી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૩-૦૧-૨૦૨૬ (મંગળવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૩ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી ખર્ચીપાડા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૩-૦૧-૨૦૨૬ (મંગળવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૪ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી સમોટ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૫-૦૧-૨૦૨૬ (ગુરુવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૫ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી ઘાંટા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૫-૦૧-૨૦૨૬ (ગુરુવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૬ | ૬૬ કેવી રાજુવાડીયા | ૧૧ કેવી વરાછા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૫-૦૧-૨૦૨૬ (ગુરુવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૭ | ૬૬ કેવી પોમલાવાડા | ૧૧ કેવી મગરદેવ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૮ | ૬૬ કેવી પોમલાવાડા | ૧૧ કેવીઘનોર એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૧૯ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી જાવલી એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૦ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી કોલવાણ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૧ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી ખોચરવાડા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૨ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી પાંચપીપરી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૩ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પોઇચા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૪ | ૬૬ કેવી પ્રતાપનગર | ૧૧ કેવી ટીંબી જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૫ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી ભદામ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૬-૦૧-૨૦૨૬ (શુક્રવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૬ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી રઝલવાડા જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭-૦૧-૨૦૨૬ (શનિવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૭ | ૬૬ કેવી રાજપારડી | ઢોલી ઇન્ડ | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭-૦૧-૨૦૨૬ (શનિવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૮ | ૬૬ કેવી રાજપારડી | કડવાલી ઇન્ડ | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭-૦૧-૨૦૨૬ (શનિવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૨૯ | ૬૬ કેવી રાજપારડી | ચોકી એજી | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭-૦૧-૨૦૨૬ (શનિવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૩૦ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી મંડાળા જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૭-૦૧-૨૦૨૬ (શનિવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૩૧ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ભાટપૂર એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૭-૦૧-૨૦૨૬ (શનિવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૩૨ | ૬૬ કેવી આમલેથા | ૧૧ કેવી આમલેથા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૭-૦૧-૨૦૨૬ (શનિવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |
| ૩૩ | ૬૬ કેવી આમલેથા | ૧૧ કેવી ઢોલાર એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૭-૦૧-૨૦૨૬ (શનિવાર) | ૯.૦૦ થી ૧૫.૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઇ પણ જાતની નોટીસ કે જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો


# વડોદરા મંડળના અપૂર્વ તિવારી અને ચિરાગ મિત્તલ અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર - 2025 થી સન્માનિત



વડોદરા : રેલવે, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા નવી દિલ્લીમાં આવેલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેશનલ એન્ડ એક્સપો સેન્ટર, યશોભૂમિમાં શુક્રવાર, 09 જાન્યુઆરી, 2026 ના રોજ આયોજિત 70મા રેલવે સપ્તાહ કેન્દ્રીય સમારોહમાં પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર અપૂર્વ તિવારી અને ડેપ્યુટી ચીફ એન્જિનિયર ચિરાગ મિત્તલને અતિ વિશિષ્ટ રેલવે સેવા પુરસ્કાર - 2025 થી સન્માનિત કરવામાં આવ્યા. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું કે આ વર્ષે રાષ્ટ્રીય સ્તરે તમામ ઝોનલ રેલવેઝથી લગભગ 100 રેલવે કર્મચારીઓને વ્યક્તિગત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા. આમાંથી પશ્ચિમ રેલવેના સાત અધિકારીઓ અને કર્મચારીઓને તેમની પ્રશંસનિય અને અનુકરણીય સેવાઓ માટે વિશિષ્ટ રેલવે સેવા પુરસ્કાર આપવામાં આવ્યા, જે તેમના અસાધારણ સમર્પણ, વ્યવસાયિક કુશળતા અને કર્તવ્યનિષ્ઠાને દર્શાવે છે. પશ્ચિમ રેલવેના ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર અપૂર્વ તિવારી અને ડેપ્યુટી ચીફ એન્જિનિયર ચિરાગ મિત્તલને અતિ વિશિષ્ટ રેલવે સેવા પુરસ્કાર - 2025 થી સન્માનિત કરવામાં આવ્યા.

# બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીયમાર્ગસુરક્ષામાસનીઉજવણી

**વિદ્યાર્થીઓએ** ટ્રાફિક નિયમો, પગપાળા ચાલકોની સુરક્ષા અને અકસ્માત નિવારણ જેવા વિષયો પર પોતાની સર્જનાત્મકતા રજૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.10

10 જાન્યુઆરી 2026ના રોજ બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશને શ્રમ મંદિર સ્કૂલ ખાતે રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસની ઉજવણી અંતર્ગત માર્ગ સુરક્ષા જાગૃતિ પોસ્ટર બનાવવાની સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવા પેઢીના વિદ્યાર્થીઓને માર્ગ સુરક્ષાના નિયમો, તેની મહત્વતા અને જવાબદાર માર્ગ વ્યવહાર અંગે જાગૃત કરવાનો હતો.

સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓએ ટ્રાફિક નિયમો, પગપાળા ચાલકોની સુરક્ષા અને અકસ્માત નિવારણ જેવા વિષયો પર પોતાની સર્જનાત્મકતા રજૂ




કરી. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને આનંદદાયક અને અસરકારક રીતે માર્ગ સુરક્ષા અંગેની મહત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત થઈ.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ત્રણ વિજેતાઓને પુરસ્કાર, સાથે પ્રમાણપત્ર અને ભેટો આપવામાં આવ્યા. તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો. બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન સમાજમાં જાગૃતિ ફેલાવવાના અને જવાબદાર નાગરિકો ઘડવાના પોતાના ઉદ્દેશને સાકાર કરવા માટે આવા અર્થપૂર્ણ કાર્યક્રમો સતત યોજતી રહેશે.